॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૦ જાન્યુઆરી ફેબ્રુઆરી ૧૯૯૦ અંક ૪

## વાલીઓને,

### બાલમંદિર અભ્યાસક્રમ (?) અંગે થોડું ચિંતન

આપણે માની શકીએ તે કરતાં ઘણું વહેલું બાળક એટલું નિરીક્ષણ કરે છે અને શીખે છે કે જ્યારે તે શીખેલું અભિવ્યક્ત કરે ત્યારે આપણને આશ્ચર્ય થાય છે. ખરેખર તો આ વર્ષોમાં બાળકને અનુભવની જેટલી તકો મળે છે તે બાળકના ઘડતરમાં બહુમૂલ્ય ફાળો આપે છે. આ એક કુદરતી અને સાહજિક પ્રક્રિયા છે અને બને ત્યાં સુધી તે સ્વાભાવિક રહે અથવા જેટલું સ્વાભાવિક બનાવી શકાય તેટલું બાળક માટે સારું છે.

આમ છતાં નવી પરિસ્થિતિમાં ત્રણેક વર્ષની ઉંમરે બાળક બાલમંદિરમાં આવતાં તે "ભણી નાખે" એવી માબાપોની લાગણી બાળકનાં વિકાસમાં બાધારૂપ બને છે. એવું અમે માનીએ છીએ. બાળક પાંચ-છ વર્ષ સુધી મુક્ત અભિવ્યક્તિ દ્વારા જ પોતાની શક્તિઓ બહાર લાવે-વિકસાવે તે જરૂરી છે. એક બાળકની આવડતની સરખામણી બીજા બાળક સાથે અથવા આપણે જેને જરૂરી સમજીએ તે બાળકને શિખવવાનો સમજ વિનાનો પ્રયત્ન કરીએ તેથી બાળકને પાર વગરનું નુકસાન થાય છે. બાળકને મુક્ત રીતે અનુભવની તક જરૂર આપીએ પણ પાંચ-છ વર્ષની ઉંમર પહેલા મારી મચડીને 'ફોર્મલ' કેળવણી આપવાનો પ્રયત્ન ન જ કરીએ. બાલમંદિર પૂરતું તો "તમારું બાળક અભ્યાસમાં ખૂબ જ પાછળ છે", અથવા "મારું બાળક અભ્યાસમાં બીજા બાળકો કરતાં ખૂબ પાછળ છે", એવા વાકયો કયારે ય ન સાંભળીએ. બાળકને સંગીત કરવા દો ચિત્ર કરવા દો, તોફાન કરવા દો, અને મુક્ત પ્રવૃત્તિ કરવા દો આ બધી તેના સાચા વિકાસની પ્રક્રિયાઓ છે.

દિનુભાઇનાં વંદન

## સ્વયંશિક્ષણદિનનાં સંભારણા

શાળાજીવનનો આ એક અદ્ભુત લહાવો હતો, એ દિવસ માટે પ્રથમ તો હૈયામાં થનગનાટ હતો પણ વર્ગમાં જવાનો સમય થતાં જ પગમાં ધ્રૂજારી થવા લાગી 'વિદ્યાર્થીઓનો સહકાર પ્રાપ્ત નહીં થાય તો ? સૌ હાંસી ઉડાવશે તો ?'....અને એટલે જ મોં પર પ્રયત્નપૂર્વક કડકાઇ લાવવાનો પ્રયાસ તો કર્યો પણ શરીરે પરસેવો તો છૂટયોજ, પણ થોડી જ ક્ષણો વર્ગમાં વીતાવી ને મારામાં આત્મવિશ્વાસ આવ્યો, વિદ્યાર્થીઓનો ખૂબ સારો સહકાર મળ્યો, અને ત્યારે જ સમજાયું કે વિદ્યાર્થીના સહકાર વિના શિક્ષણકાર્ય કેટલું મુશ્કેલ બની જાય છે ? આવા દિનની ઉજવણીથી જ વિદ્યાર્થીની ફરજો અને શિક્ષકની મુશ્કેલીઓનો સાચો ખ્યાલ આવે છે.

શિલ્પી શાહ ૯-क

શિક્ષકો સમાજનાં સાચાં સેવકો છે, છતાં આપણે શિક્ષકોને કનડીએ છીએ, તેમને મજાકનાં નિશાન બનાવીએ છીએ પણ 'શિક્ષણદિન' ને દિવસે હું શિક્ષક બન્યો ત્યારે જ મને શિક્ષકની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો.

હું વર્ગમાં ગયો ત્યારે મારા સાથીઓએ મને ખૂબ સાથ આપ્યો અને મારી ભૂલોને પોતાની ભૂલો સમજી તેને ઉદારતાથી માફ કરી દીધી અને છતાં એક બે તોફાની વિદ્યાર્થીઓએ થોડા વિઘ્નો ઉભાં કર્યાં, અને ત્યારે જ મને સમજાયુ કે શિક્ષણકાર્ય એ કેટલું કપરું કામ છે ! શિક્ષણ દિનનાં આ સંભારણાને હું કદી ય નહિ ભૂલી શકું.

ચિંતન મહેતા ૯-अ

જીવનમાં પહેલી જ વખત મને આ અનુભવથી શિક્ષકોનાં કાર્યો તથા તેમને પડતાં કષ્ટો, માનસિક થાક વગેરેનો અંદાજ આવ્યો. આજનાં વિદ્યાર્થીઓ તરફથી શિક્ષકોને ખૂબ ઓછો સહકાર મળે છે, તેમને શિક્ષકો માટે ખૂબ ઓછું માન છે, તેનો મેં અનુભવ કર્યો. અંદર અંદર વાતો કરતાં વિદ્યાર્થીઓમાં શિસ્ત પળાવવી એ ખરેખર ઘણું મુશ્કેલ કામ છે, આ માટે શિક્ષકે સતત કાર્યશીલ રહેવું પડે છે.

અનુસંધાન પાન-૨ ઉપર

મને તે પણ અનુભવ થયો કે વિદ્યાર્થીઓને શિક્ષક જ્યારે સરસ રીતે ભણાવી શકે છે ત્યારે તેમનો સારો સહકાર મળે છે, પરંતુ વર્ગમાં તોફાન કરતાં વિદ્યાર્થીઓને કારણે તો કયારે ક ભણાવવું પણ મુશ્કેલ બની જાય છે. દરેક વર્ગમાં આવા બે ચાર વિદ્યાર્થીઓ જણાયા.

આ એક જ દિવસે મને શિક્ષકના જીવનનો સાચો ખ્યાલ આવ્યો.

**હિતેશ મહેતા, ૯-અ**

"God can't teach everyone, so He has created the teachers."

શિક્ષક એ રાષ્ટ્રનો ઘડવૈયો છે. વિદ્યાર્થીમાં સત્ય, શિસ્ત, પ્રમાણિકતા, નિયમિતતા જેવા ગુણો કેળવનાર એ શિક્ષકની ટીકા કેમ કરાય! મગજ પર બોજો લઇને ફરનાર દુનિયાની સહનશીલતાની મૂર્તિ, શિક્ષકની મુશ્કેલીઓનો મને ખ્યાલ આવ્યો.

**મેઘના મહેતા, ૭ અ**

"શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા જ્યાં વહે" અધ્યાપન કાર્ય એ કંઈ સહેલું કામ નથી. હું માનતી હતી કે શિક્ષકે તો ફક્ત પોતાનાં વિચારો જ રજૂ કરવાનાં હોય છે પણ હવે મને સમજાયું કે વિદ્યાર્થીઓ સામે સ્વસ્થતાથી ઉભા રહી તેમને જ્ઞાન આપવું એ સહેલું કામ નથી.

**ખ્યાતિ ચોકસી, ૭ અ**

સ્વયંશિક્ષણ દિન વિદ્યાર્થીનાં ઘડતરમાં પાયાની ઇંટનું કામ કરે છે. પોતાની સર્વ શક્તિઓ કામે લગાડી, પોતાને સોંપવામાં આવેલું કામ સંપૂર્ણ રીતે પાર પાડવા વિદ્યાર્થીઓ કટિબધ્ધ બને છે. શિક્ષક બનેલ વિદ્યાર્થી તેના વર્તન અને શિક્ષણ દ્વારા તેનાં મનમાં રહેલી આદર્શ શિક્ષકની પ્રતિભા ઉપસાવવાનો પ્રયત્ન કરે છે. કાયમ હસતા રહેતા માયાળુ આચાર્ય આટલી બધી જવાબદારીઓ કેવી રીતે નિભાવતાં હશે, તેનો સાચો અંદાજ આવતાં તેમનાં પ્રત્યેનો આદર મને ખૂબ વધી ગયો.

**વિશાલ કાપડીઆ, ૭ અ**

મારી શાળામાં હું બાળકોને પ્રેમથી અને આદરથી તેમનાં શિક્ષકને નમસ્તે કરતાં જોતી ત્યારે મને પણ મનોમન શિક્ષક બનવાની તીવ્ર ઝંખના થતી. પરંતુ શિક્ષક બનવાનું કામ કેટલું કઠિન છે તેનો ખ્યાલ મને આ દિવસે જ આવ્યો. નાના બાળકો સાથે ધીરજથી કામ લેવું અને તેમને સંસ્કાર સાથે શિક્ષણ આપવાનું કામ કેટલું કઠિન છે તે સમજાતાં જ મેં અમારી શાળાનાં શિક્ષકોની કામગીરી વંદનીય ગણી.

**ચૈતાલી શાહ, ૭ બ**

(અનુસંધાન પાન-૩ ઉપર)

# "બાળક કાલે શું કરશે?"

"બેન, મારે જરા ધવલને લઈ જવો છે. રજા આપશો?" આજીજીભર્યા સ્વરે બીનાબેને કહ્યું.

"તમને શાળાનો નિયમ ખબર નથી બેન? બાળક એકવાર નિશાળે આવે પછી અમે વહેલી રજા નથી આપતા. બાળક માંદુ સાજુ હોય કે કોઇ અસાધારણ સંજોગો હોય તો અમે જાતે જ ફોન કરીને વાલીને બોલાવી તેને ઘેર મોકલીએ છીએ, પરંતુ અમારે શાળાને વ્યવસ્થિત રીતે ચલાવવી હોય તો અમારે કેટલીક શિસ્તનો આગ્રહ રાખવો પડે છે."

"બેન, એના દાદી હમણાં જ ગામડેથી આવ્યાં છે ને પાંચ વાગે પાછાં જવાનાં છે. ઘરડાંનો જીવ છે, આટલે સુધી આવ્યા છે એટલે કહે છે કે ધવલને મળીને જ જાઉં."

અને આ દાદીમાના પ્રેમની વાત આવી એટલે શાળાનો નિયમ ન હોવા છતાં ધવલને ઘેર જવા દેવાની રજા આપવામાં આવી, અને એ સાથે પરિસ્થિતિને માનવીય રીતે જોઇ હોવાનો સંતોષ અનુભવ્યો.

પરંતુ બીજે દિવસે જ્યારે જાણ થઈ કે ધવલ તો ખરેખર દાદીમાને મળવાને બદલે સરકસ જોવા ગયો હતો ત્યારે મેં સાચે જ ખૂબ દુઃખ અનુભવ્યું.

વિદ્યાર્થી શાળામાં ભણતર માટે તો આવે જ છે પણ તે સાથે તેના જીવનનું ઘડતર પણ થાય તે માટે અમે આતુર હોઈએ છીએ અને જીવનનાં એ ઘડતર માટે જરૂરી શિસ્તનો આગ્રહ રાખવો પણ અત્યંત જરૂરી છે. પરંતુ તેમાં વાલી અને શાળા બંનેનો સહકાર સંપૂર્ણપણે હોય તો જ તે ઘડતર યોગ્ય રીતે થાય, કયારે ક આવી ઘટના બને છે ત્યારે ભવિષ્યની એ પેઢીના સુંદર ઘડતર માટેની શ્રદ્ધા ડગી જાય છે.

જે વાલી આજે તેમની સગવડ ખાતર આવી બનાવટ કરી શકે છે તેના બાળકો એની માઠી અસરમાંથી બચી શકશે ખરા? કાલે એ જ બાળકો મોટા થતાં ગમે તેની આગળ કે ખુદ તેમનાં માબાપ આગળ પણ આવી ખોટી રજૂઆત કરતાં અચકાશે ખરાં? બાળક જે કંઇ શીખે છે તે અનુકરણથી શીખે છે ને જો આપણા જ વર્તનમાં આવી ક્ષતિ કે ત્રુટી હશે તો આપણું બાળક તેનાથી બચી શકશે ખરૂં? 'મોટા કહે એમ કરવાનું, કરે તેમ નહીં કરવાનું' એ બાળકનાં મગજમાં કયારે ય સ્વીકાર્ય નથી જ થતું.

**ઊર્મિલા શાહ**

ये दुनिया हो गई है कैसी ?
जहाँ नहीं बचा है सत्य या न्याय,
बस बची हैं एक चीज
वह है स्वार्थ, स्वार्थ और स्वार्थ ।

---

पीछे मुडकर देखो,
अपना गर्वीला इतिहास ।
कहाँ हम स्वार्थी लोग
कहाँ वो स्वाभिमानी ।
उस दुनिया के थे लोग,
सत्य और पुण्य के राही ।
लेकिन आज के है लोग,
असत्य और पाप के राही ।
धरती मातकी गोदमें,
कितने हो गये है वीर ।
जिसने सिखाया मार्ग जगमें,
जीवनकी सत्यता की ओर ।
ऐसे भी लोग थे जगमें,
जिसने दिया बलिदान ।
एक दुजे की सहायतामे,
रहते थे लोग सदा तत्पर ।
आज कहाँ हैं ऐसे लोग ?
यही तो है लंबा फर्क ।

**કોમલ બોડીવાલા (૯-अ)**

(અનુસંધાન પાન-૨ કોલમ-૧નું ચાલુ)

થાક સાથે એક વાતનો મને આનંદ હતો કે અત્યાર સુધી હું બધા પાસે શિખ્યો છું પરંતુ પહેલી વાર મારા જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને આપવાની મને તક મળી

**સુજલ મુન્શી, ૭ अ**

મારા મનમાં આનંદ હતો કે આજે મારી શક્તિ મારે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાની હતી. કયારેક વર્ગનો ઘોંઘાટ જોઇ શિક્ષકની દશાનો વિચાર આવતાં નિઃસાસા પણ નંખાઈ ગયા. સમગ્ર દિવસની મઝા સાથે અંતે થાકનો અનુભવ થયો, ને સાથે શિક્ષકની અનેક જવાબદારીઓનું ભાન થયું.

**મોના દેસાઇ, ૭ अ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૧૭-૧-૯૦ને બુધવારે બાલમંદિરના ब વિભાગનાં બાળકોએ વિશાલાનો પ્રવાસ કર્યો. બાળકોએ ત્યાં વાસણોનું પ્રદર્શન બહુ જ રસપૂર્વક નિહાળ્યું, મદારીનો, કઠપૂતળીનો અને જાદુનો ખેલ વિ. જોયાં, તથા કુંભારનાં ચાકડાનું નિરીક્ષણ કર્યું ત્યારબાદ ત્યાં ભોજન કરી પાછાં આવ્યાં.

તા. ૧૮-૧-૯૦ને ગુરૂવારે તે જ રીતે તાલીમ-મંડળીના બાળકોએ પણ વિશાલાનો પ્રવાસ કર્યો, સમુહ ભોજનની મજા માણી અને ફરકડી લઇ હસતા રમતાં પાછાં આવ્યાં.

તા. ૯-૨-૯૦ને શુક્રવારનાં રોજ તાલીમમંડળીના બાળકોની ચિત્ર હરીફાઈ યોજવામાં આવી. સૌ બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો.

## શિશુમંદિર

**પ્રવાસ :**

તા. ૨૦-૧-૯૦ અને ૨૧-૧-૯૦ના રોજ ધોરણ ૩ અને ૪નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે મોઢેરા, પાટણ, બાલારામ, અંબાજી, ધરોઈ, તારંગા, મહુડી, અને ગાંધીનગરનો પ્રવાસ યોજાયો.

તા. ૩-૨-૯૦ના રોજ ધો. ૧ અને ૨ના વિદ્યાર્થી ભાઇબહેનો માટે સેરીસા, સાલડીનો પ્રવાસ યોજાયો. વિદ્યાર્થીઓએ સાલડીમાં બોરની વાડીઓમાં ખૂબ મજા માણી અને ગાંધીનગરનાં સ્વામિનારાયણ અક્ષરધામનાં પણ દર્શન કર્યા.

**રમતોત્સવ :**

૨૪ અને ૨૫ જાન્યુઆરીનાં રોજ ધો. ૫, ૬, ૭નો આંતરગૃહ રમતોત્સવ યોજાયો તથા તા. ૩૦-૧-૯૦નાં રોજ ધો. ૧, ૨, ૩, ૪ માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ રમતોત્સવને ખૂબ માણ્યો.

**શહીદદિન :-**

તા. ૩૦મી જાન્યુઆરીના રોજ ગાંધીનિર્વાણ દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ બે મિનીટ મૌન પાળીને, પ્રાર્થના, ધૂન, ભજનો વિ. થી શહીદોને ભાવભરી અંજલિ આપી.

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

ચેસ :- તા. ૩-૨-૯૦
પ્રથમ :- આશિષ વ્યાસ, [૭ क], ગંગોત્રી
દ્વિતીય :- ઝીલ મહેતા, [૫ अ], મેઘનાદ
તૃતીય :- કુણાલ શાહ, [૭ ब], રત્નદીપ
જેમાં નિર્ણાયક તરીકે સેવા આપી નિશિથ ચુડાસમા [૯अ]
સૌમિલ વ્યાસ [૯ क], અલય ભટ્ટ [૯ अ]

કેરમ :- ૫-૨-૯૦

પ્રથમ :- અંકિત શાહ, [૭ અ], રત્નદીપ
દ્વિતીય :- બાદલ કાપડીયા, [૭ અ], ધવલગિરિ
તૃતીય :- વિરલ નવાબ, [૭ અ], ધવલગિરિ

જેમાં નિર્ણાયક તરીકે સેવા આપી ગૌરાંગ ગોહેલ [૯ અ] અને નિશિથ ચુડાસમા [૯ અ]

**ટેબલ ટેનીસ : ૬-૨-૯૦**

પ્રથમ :- સુજલ શાહ, [૭ ब], ગંગોત્રી
દ્વિતીય :- મિલિન્દ શાહ, [૭ ब], ગંગોત્રી
તૃતીય :- બિરેન શાહ, [૭ ब], ગંગોત્રી

જેમાં નિર્ણાયક તરીકે સેવા આપી શ્યામલ દ્વિવેટીયા [૯ અ] ઋષય ત્રિવેદી [૯ क], હિતેશ મહેતા [૯ અ], અને પાવન પરીખ [૯ ब]

સૌ વિજેતા વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન તથા નિર્ણાયક તરીકે સેવા આપનાર વિદ્યાર્થી ભાઇબહેનોનો સંસ્થા આભાર માને છે.

**અભિનંદન :-**

ગુજરાત સ્ટેટ ચેસ એસોશીએશન આયોજીત અમદાવાદ જુનીયર ગર્લ્સ ચેસ ચેમ્પીયનશીપમાં કુ. ઝીલ મહેતાએ [૫ અ] પ્રથમ આવી પારિતોષિક મેળવ્યું છે તે માટે તેમને અભિનંદન

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં નિસર્ગ સુતરીયા, નંદિત રાજા અને અર્પી સ્નેહલભાઈ શાહ વિજેતા નિવડયા છે તે માટે તેમને અભિનંદન.

૩૧માં World School Children's Art Exhibition તરફથી યોજાયેલ Seoul-1989ની ચિત્ર સ્પર્ધામાં ચંદ્રક મેળવવા બદલ આનન કૅાન્ટ્રાકટર (૬અ) ને અભિનંદન.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધાનાં ઈનામ મેળવવા બદલ મિલૌની ફોઝદાર તથા અર્પી શાહને અભિનંદન.

## વિનયમંદિર :-

તા. ૨૦-૧૨-૮૯નાં રોજ શ્રી નિખિલભાઇ ત્રિવેદીએ વિદ્યાર્થીઓ સમક્ષ કરાટેની નિદર્શન સાથે રજૂઆત કરી.

તા. ૨૪-૧-૯૦નાં રોજ શ્રી નરેન્દ્રભાઈ પંડયાએ "અંગ્રેજી ભાષાનું મહત્ત્વ" વિષય ઉપર પ્રવચન આપ્યું.

અમેરિકામાં પ્રાધ્યાપક તરીકે સેવા આપતા શ્રી વિભાકરભાઇ દવેએ તા. ૫-૧-૯૦ રોજ ધો. ૧૧-૧૨ના વિદ્યાર્થીઓ સમક્ષ 'જીવનમાં ભૌતિકશાસ્ત્રની અગત્ય' પર પ્રવચન આપ્યું.

તા. ૧૬મી તથા ૧૭મી જાન્યુઆરીના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

**ચિત્ર સ્પર્ધા** :- તા. ૨૭-૧-૯૦

પ્રથમ :- શિરાલી મુન્શી - પદ્મપુકુર
દ્વિતીય :- ક્રિશ્ના દેસાઈ - ચંદ્રમૌલિ
તૃતીય :- કોમલ બોડીવાલા - ગીતગોવિંદ

**નિબંધ સ્પર્ધા :- ૨૭-૧-૯૦**

પ્રથમ :- સારિકા ગાંધી - પદ્મપુકુર
દ્વિતીય :- પૂજા પોથીવાલા - ગીતગોવિંદ
નિશિથ ચૂડાસમા - ચંદ્રમૌલિ
તૃતીય :- ચિંતન મહેતા - પદ્મપુકુર
સજની દલાલ - ચંદ્રમૌલિ

**સુલેખન સ્પર્ધા** :- તા. ૩-૨-૯૦

પ્રથમ :- નમીતા શાહ મેઘદૂત
દ્વિતીય :- રીતુ પટેલ પદ્મપુકુર
તૃતીય :- અનાર કઠિયારા પદ્મપુકુર

**વકતૃત્વ સ્પર્ધા :-** તા. ૭-૨-૯૦

પ્રથમ :- કૃતિ વ્યાસ - ગીતગોવિંદ
દ્વિતીય :- ચિંતન મહેતા - પદ્મપુકુર
તૃતીય :- જપન પાઠક - પદ્મકુપુર
ભાવિક વ્યાસ - મેઘદૂત

**શ્રદ્ધાંજલિ :-**

ચિરાગ દશરથભાઈ શાહ [૭ ब]નાં તા. ૧૩-૧-૯૦ ના રોજ અકાળે આકસ્મિક અવસાન બદલ ભારે દુ:ખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

આ ઉપરાંત મહેતા ફાલ્ગુની [૧૨ क] ની વિદ્યાર્થિનીનાં અવસાનની નોંધ લેતા દુઃખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિતુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૪૧૨૭૮૮